# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 15-05-2024 Midday : 1.20 to 1.30
Day : Wednesday National News

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

- લોકસભા ચૂંટણીનાં આગામી તબક્કાઓ માટે પ્રચાર ઝૂંબેશ વેગમાં - રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો આજે જાહેરસભાઓ સંબોધશે.
- ઉત્તરાખંડના યમુનોત્રી ધામની યાત્રા પર આવેલા મધ્યપ્રદેશ અને ગુજરાતના એક-એક શ્રદ્ધાળુના મૃત્યુ.
- ઇડીએ દિલ્હીનાં કથિત શરાબકાંડમાં આમ આદમી પાર્ટીને સહ-આરોપી બનાવવામાં આવશે તેમ જણાવ્યું.
- રાજસ્થાનની ખાણમાં ફસાયેલા કર્મચારીઓમાંથી એકનું મોત - 15 કર્મચારીઓને બચાવી લેવાયા.
- અમેરિકાએ ચીનના ઈલેક્ટ્રિક વાહનો, બેટરી, સ્ટીલ, સોલર સેલ અને એલ્યુમિનિયમ પર ભારે જકાત લગાવી. – સંબંધો પર અસર પડવાની ચીનની ચીમકી
- આજે ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સવચ્ચે મુકાબલો.

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Revise Story. Political

લોકસભા ચૂંટણીનાં બાકીનાં ત્રણ તબક્કા માટે પ્રચાર ઝૂંબેશે ગતિ પકડી છે. આજે વિવિધ રાજકીય પક્ષોનાં ટોચનાં નેતાઓ દેશનાં વિવિધ ભાગોમાં જાહેરસભાઓ અને રોડ શો યોજશે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મહારાષ્ટ્રના ડિંડોરી અને કલ્યાણમાં જાહેરસભા સંબોધશે. તેઓ સાંજે મંબઇના ઘાટકોપરમાં રોડ શો પણ કરશે. 2.5 કિલોમીટર લાંબો રોડ શો એલબીએસ માર્ગ પર શ્રેયસ સિનેમાથી શરૂ થશે અને ગાંધી માર્કેટ ખાતે પૂરો થશે. મુંબઇ ઉત્તર પૂર્વ બેઠકથી ભાજપના ઉમેદવાર મિહિર કોટેચા માટે ચૂંટણી ઝૂંબેશનાં ભાગ રૂપે રોડ શો યોજાશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બંગાળમાં હુગલીમાં જાહેરસભા સંબોધી હતી. સાંજે તેઓ ઓડિશાના કટકમાં રોડ શો કરશે. તેઓ ઓડિશાના ગંજમમાં જાહેર સભા કરશે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે રાયબરેલી અને અમેઠીમાં જાહેરસભા સંબોધશે. પ્રિયંકા ગાંધી વાડ્રા રાયબરેલીમાં નુક્કડ સભાઓમાં ભાગ લેશે.

લખનૌમાં આજે ઇન્ડિ ગઠબંધનના પક્ષો કોંગ્રેસ અને સપાએ સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, બંધારણ અને લોકશાહીને બચાવવા માટે 2024ની ચૂંટણીઓ ખુબ મહત્વની છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે શિક્ષિત હોવા છતાં યુવાનોને નોકરી નથી મળતી. સપાના નેતા અખિલેશ યાદવે જણાવ્યું કે, જો ઇન્ડિ ગઠબંધનની સરકાર સત્તા પર આવશે તો તમામ ખાલી સરકારી જગ્યાઓ ભરવામાં આવશે અને શિક્ષિત યુવાનોને નોકરી આપવામાં આવશે.

. . . . . . . . . . . . . .

# CHANDIGARH-NOMINATION PROCESS

કેન્દ્ર શાસિત પ્રદેશ ચંદીગઢમાં લોકસભાની ચુંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયા પૂર્ણ થાય બાદ 27 ઉમેદવારો મેદાનમાં છે. ચંદીગઢ ચૂંટણી કાર્યાલયના પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે કુલ 33 ઉમેદવારીપત્ર ભરાયા હતા. જેમાંથી 27 ઉમેદવારીપત્રો માન્ય ઠર્યા છે. જેમાંથી 5 ઉમેદવારો રાષ્ટ્રીય પક્ષોના છે. 17 અપક્ષ ઉમેદવારો અને 5 નોંધાયેલા અમાન્ય પક્ષોના છે.

આ ચૂંટણીમાં માત્ર બે મહિલા ઉમેદવારો છે. જેમાં બહુજન સમાજ પાર્ટી તરફથી રિતુ સિંહ અને સૈનિક સમાજ પાર્ટી તરફથી રાજિંદર કૌર મેદાનમાં છે. આજે ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે. 17 મેના રોજ બપોરે 3 વાગ્યા સુધી ઉમેદવારો તેમનું ઉમેદવારીપત્ર પરત ખેંચી શકશે.

. . . . . . . . . . . . . . .

# YAMUNOTRI GUJARAT SHRADHALU MOT

ઉત્તરાખંડના યમુનોત્રી ધામની યાત્રા પર આવેલા મધ્યપ્રદેશ અને ગુજરાતના એક-એક શ્રદ્ધાળુના ગઇકાલે મૃત્યુ નીપજ્યા હતા. બંનેને બેભાન અવસ્થામાં જાનકીચટ્ટી સ્થિત આરોગ્ય કેન્દ્ર ખાતે પહોંચાડવામાં આવ્યા હતા, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. રાજ્યની ચારધામની યાત્રા દરમિયાન અત્યાર સુધી કુલ સાત યાત્રાળુઓએ જીવ ગુમાવ્યો છે. આ પહેલાં બદરીનાથ ધામમાં એક યાત્રાળુએ જીવ ગુમાવ્યો હતો.

અમદાવાદ શહેરના રહેવાસી દક્ષાબેન પટેલને ગઇકાલે સવારે આઠ વાગ્યે યમુનોત્રીથી પરત ફરતા સમયે શ્વાસ લેવામાં મુશ્કેલી થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. તેમને ડોક્ટર દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . .

# ED-AAP CO-ACCUSED

પ્રવર્તન નિર્દેશાલય ઇડીએ દિલ્હી વડીઅદાલતને જણાવ્યું છે કે દિલ્હીનાં કથિત શરાબકાંડમાં આમ આદમી પાર્ટીને સહ-આરોપી બનાવવામાં આવશે. આ કેસમાં આમ આદમી પાર્ટીનાં ત્રણ મુખ્ય નેતાઓ જેલમાં છે, જેમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો સમાવેશ થાય છે. કોઈ રાજકીય પક્ષને કેસમાં આરોપી બનાવવામાં આવ્યો હોય તેવું આ પ્રથમવાર બનશે.

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપુર્વ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાની જામીન અરજી પર સુનાવણી કરી રહેલા અદાલત સમક્ષ તપાસ સંસ્થાએ જણાવ્યું હતું કે, આ કેસમાં પૂરક આરોપનામુ દાખલ કરવામાં આવશે અને તેમાં આમ આદમી પાર્ટીનું નામ ઉમેરવામાં આવશે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ કથિત કૌભાંડમાં મની લોન્ડરિંગનાં સંદર્ભમાં તપાસકરી રહી છે. લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરવા માટે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનાં વચગાળાનાં જામીન મંજૂર કર્યાના થોડાં દિવસો બાદ ઇડીએ ઉપરોક્ત માહિતી આપી હતી.

--------

# DELHI BJP WOMEN – KEJRIWAL

દિલ્હીમાં ભાજપના મહિલા કાર્યકરોએ આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ સાથે કથિત ગેરવર્તણૂકના મુદ્દે આજે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાને વિરોધ પ્રદર્શન કર્યું હતું અને શ્રી કેજરીવાલ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. મહિલા કાર્યકરોએ શ્રી કેજરીવાલ પર મહિલા વિરોધી હોવાનો આરોપ લગાવતા તેમના રાજીનામાની પણ માંગ કરી હતી. ઉલ્લેખનીય છે કે કેજરીવાલના અંગત સહાયકે ગયા સપ્તાહે સ્વાતિ માલીવાલ સાથે ગેરવર્તણુંક કરી હતી. મુખ્યમંત્રી આરોપીઓ સામે પગલાં લેશે તેમ આમ આદમી પાર્ટીએ જણાવ્યું છે.

. . . . . . . . . . . . . . .

# PEOPLE TRAPPED- IN MINE

રાજસ્થાનના ઝુંઝુનુ જિલ્લામાં કોલિહામ ખાણમાં ફસાયેલા હિન્દુસ્તાન કોપર લિમિટેડની વિજિલન્સ ટીમના 15 કર્મચારીઓને બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે એકનું મોત થયું છે. ગઇ રાત્રે ખાણમાં એક લિફ્ટ તૂટી પડતાં અનેક કર્મચારીઓ ફસાઈ ગયા હતા એમ પોલિસે જણાવ્યું હતું. બચી ગયેલાઓને જયપુરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બચી ગયેલા તમામની સ્થિતિ સારી છે.

મંગળવારે સાંજે નીમ કા થાના જિલ્લામાં ખેતડીનગર સ્થિત ખાણમાં 1875 ફુટની ઊંડાઇમાં લિફ્ટની ચેઇન તૂટી જતાં 15 અધિકારી અને કર્મચારીઓ ફસાઈ ગયા હતા. અંદર ફસાયેલા લોકોને દવાનો અને ફુડ પેકેટ મોકલવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

# AIRFORCE – CUBES

ભારતીય હવાઈ દળે આગ્રામાં એરડ્રોપ માટે અત્યાધુનિક સ્વદેશી મોબાઇલ હૉસ્પિટલ ભીષ્મ ક્યૂબનું પરીક્ષણ કર્યું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે આ નવીન તકનીક આફતની સ્થિતિમાં ત્વરીત અને વ્યાપક ચિકિત્સા મદદ હેતુની દિશામાં મોટું પગલું છે. આ ક્યુબ પ્રૉજેક્ટ ભીષ્મ નામની વ્યાપક પહેલનો ભાગ છે, જે અંતર્ગત એક સાથે 200 ઇજાગ્રસ્તોની સારવાર કરવી શક્ય બનશે. આ ક્યૂબ્સ મજબૂત, જળ અવરોધક અને હલકા છે, જેને વિવિધ માળખા માટે તૈયાર કરાયા છે. તેમને આફતની જુદી જુદી સ્થિતિના દ્રષ્ટિકોણથી આદર્શ માનવામાં આવી રહ્યા છે.

. . . . . . . . . . . . . . .

# US CHINATERRIFES

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને ચીનના ઈલેક્ટ્રિક વાહનો, બેટરી, સ્ટીલ, સોલર સેલ અને એલ્યુમિનિયમ પર ભારે જકાત લગાવી છે. તેમણે જણાવ્યું હતું કે, આનાથી એ સુનિશ્ચિત થશે કે અમેરિકન કામદારોને અયોગ્ય વેપાર પ્રથાઓથી અસર નથાય. ચીનના ઈલેક્ટ્રિક વાહનો પર 100 ટકા જકાત, સેમિકન્ડક્ટર પર 50 ટકા જકાત અને ઈલેક્ટ્રિક વાહનોની બેટરી પર 25 ટકા જકાત લાદવામાં આવી છે.

ચીનમાંથી થતી 18 અબજ ડોલરની આયાત પરનો આપ્રતિબંધ આગામી બે વર્ષ દરમિયાન શરૂ થશે. વ્હાઈટ હાઉસના રોઝ ગાર્ડનથી રાષ્ટ્રને સંબોધિત કરતા શ્રી બાઈડને કહ્યું કે, અમેરિકા દરેક પ્રકારની કારની ખરીદી યથાવત્ રાખશે, પરંતુ તેઓ ચીનને આ કારના બજાર પર અયોગ્ય રીતે નિયંત્રિત કરવાની મંજૂરી નહીં આપે. તેમણે કહ્યું કે, અમેરિકા ચીન સાથે સંઘર્ષ નહીં પણ નિષ્પક્ષ સ્પર્ધા કરવા માગે છે. તેમણે કહ્યું કે, ચીન સામે 21મી સદીની આર્થિક સ્પર્ધા જીતવા માટે અન્ય દેશની સખામણીએ વૉશિંગ્ટન સારી સ્થિતિમાં છે.

જોકે ચીને અમેરિકાનાં આ પગલાંનો તીવ્ર વિરોધ કર્યો હતો અને ચેતવણી આપી હતી કે આવેપાર પ્રતિબંધોથી બંને દેશોનાં વ્યાપક સંબધો પર અસર પડશે અને ચીન તેનાં હિતોનું રક્ષણ કરવા માટે દ્રઢ નિશ્ચયી છે..

------------------------

# SINGAPORE-NEW PM

સિંગાપોરના નાયબ નેતા લોરેન્સ વોંગ આજે સિંગાપોરના ચોથા પ્રધાનમંત્રી તરીકે શપથ લેશે. એકાવન વર્ષીય અર્થશાસ્ત્રીશ્રી વોંગ લી સિએન

લૂંગનું સ્થાન લેશે. જેમણે બે દાયકા બાદ પ્રધાનમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું છે. જો કે તેઓ વરિષ્ઠ મંત્રી તરીકેની તેમની સેવાઓ ચાલુ રાખશે. શ્રીવોંગ, સનદી અધિકારીમાંથી રાજકારણી બન્યા હતા. 1965માં સ્વતંત્ર થયા બાદ સિંગાપોરમાં માત્ર ત્રણ જ પ્રધાનમંત્રી નિમાયા છે અને તેઓ શાસક પીપલ્સ એક્શન પાર્ટીનાં છે.

. . . . . . . . . . . . . .

# AIIMS - MOUAIIMS

એઇમ્સ નવી દિલ્હીએ તબીબી સંશોધન, નવીનતા અને શિક્ષણ ક્ષેત્રે સહયોગ કરવા યુનિવર્સિટી ઓફ બોલ્ટન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિસિન સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. મેડિકલ ઇન્સ્ટિટ્યૂટે જણાવ્યા પ્રમાણે બંને સંસ્થાઓના વડાઓએ વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. તેણે વધુમાં કહ્યું હતું કે ભાગીદારીમાં સ્ટાફ અને વિદ્યાર્થી વિનિમય, શૈક્ષણિક પરિષદો અને સહયોગી ડિગ્રી પ્રોગ્રામ્સ જેવી વિવિધ પહેલોનો સમાવેશ થશે.

આ કરારને સીમાચિહ્નરૂપ ગણાવતા, AIIMSના નિયામક, પ્રોફેસર એમ. શ્રીનિવાસે જણાવ્યું હતું કે તેનાથી સંસ્થાને વૈશ્વિક પડકારોનો સામનો કરવામાં અને વિશ્વ સાથે તેની નિપુણતા વહેંચવામાં મદદ મળશે.

. . . . . . . . . . . . . .

# IPL..

આજે ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સવચ્ચે મુકાબલો થશે. પંજાબ પ્લેઓફમાં અગાઉથી જ બહાર નીકળી ગયું છે, જ્યારે 16 પોઇન્ટ્સ સાથે રાજસ્થાન વિજય મેળવીને ટોચની ચાર ટીમોમાં સ્થાન મેળવવા પ્રયત્ન

કરશે. મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે. 16 પોઇન્ટ સાથે બીજો ક્રમ ધરાવતું રાજસ્થાન પંજાબ કિંગ્સને હરાવીને પ્રથમ ક્રમ મેળવવા પ્રયત્ન કરશે, જ્યારે પંજાબ પ્લેઓફમાં અગાઉથી જ બહાર નીકળી ગયું છે. ગઈ કાલે દિલ્હી કેપિટલ્સે લખનઉ સુપર જાયન્ટ્સને 19 રને હાર આપી હતી.

દિલ્હી કેપિટલ્સે ચાર વિકેટ ગુમાવીને 208 રન કર્યા હતા, જવાબમાં લખનઉ સુપર જાયન્ટ્સ ચાર વિકેટ ગુમાવીને 189 રનમાં ઓલ આઉટ થઈ હતી. આ સાથે દિલ્હી કેપિટલ્સ સાત વિજય, સાત પરાજય અને 14 પોઇન્ટ સાથે સીઝનમાં પાંચમા ક્રમે, જ્યારે લખનઉ સુપર જાયન્ટ્સ છ વિજય, સાત પરાજય અને 12 પોઇન્ટ સાથે સાતમા ક્રમે રહ્યું છે. બંને ટીમોની પ્લેઓફમાં પ્રવેશવાની શક્યતા અન્ય ટીમોની હારજીત પર આધારિત છે.-

. . . . . . . . . . . . . . .